# શહેરમાં નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગીનો મુદ્દો હજુ અધ્ધરતાલ

**સેકટરોમાં જુના અને જોખમી મકાનો તોડવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી થઇ પરંતુ નવા આવાસો માટે હજુ સુધી કોઇ આયોજન કરાયુ નથી : સેકટરોમાં રહેણાંકને લાયક મકાનો નથી ત્યારે તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે**

ગાંધીનગર તા ૯

શહેરના સેકટરોમાં રહેણાંકને લાયક સરકારી આવાસોની ઘટ છે. એકબાજુ જુના અને જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. સેકટરોમાં જુના આવાસોનો કડુસલો કરાયા બાદ નવા મકાનો બાંધવા માટે ઝડપથી સ્થળ પસંદગી ન થતા હજુ સુધી નવા મકાનો બાંધવાની યોજનાને વેગ મળતો નથી. જોખમી મકાનોની સંખ્યા વધુ છે ત્યારે આવાસોની ઘટ નિવારવા માટે કેટલાક બ્લોક રીનોવેશન હેઠળ પણ આવરી લેવાયા છે. આવા સંજાગોમાં જોખમી મકાનો તોડવામાં આવ્યા બાદ ખુલ્લી જગ્યાનો સર્વે પણ કરવામાં આવ્યો છે. પરંતુ સેકટરોમાં નવી ટાવર કોલોની ઉભી કરવા માટે સાઈટ આખરી કરાઈ નથી.

ગાંધીનગરમાં એકબાજુ જુના અને જર્જરિત સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના મકાનો તોડીને તબક્કાવાર નવા આવાસો બાંધવાનુ પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. અત્યાર સુધી શહેરના સે-૬, સે-૭ અને સે-૨૯ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે હાલ સે-૬ અને સે-૨૯ માં પણ આવાસોનુ કામ ચાલી રહ્યુ છે. શહેરમાં એકબાજુ દાયકાઓ જુના સરકારી આવાસો ભયજનક હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા હાલ માર્ગ મકાન વિભાગ કર્મચારીઓને ફાળવવા માટે રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી હાલની સ્થિતિએ શહેરમાં અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી છે. ત્યારે નવા મકાનો બાંધવા ઉપરાંત કેટલાક સેકટરોમાં સર્વેના અંતે અમુક બ્લોક હાલ રીનોવેશન હેઠળ પણ આવરી લેવાયા છે. જેના લીધે આવાસની ઘટનો પ્રશ્ન હલ થઈ શકે શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોમાં અન અધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ છે. અલબત્ત નિવૃતિ , અવસાન અને બદલીના કિસ્સામાં પણ સરકારી આવાસોનો કબજો ખાલી કરાયો ન હોવાની ફરિયાદોના અંતે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે છે. જો કે હાલ છેલ્લા ઘણાં સમયથી તંત્રએ આ મામલે આકસ્મિક તપાસ કરવાની ઝુંબેશ પણ બંધ કરી દીધી છે. અન અધિકૃત કબજો ધરાવતા મકાનોના સંદર્ભમાં ઈવિકશન કોર્ટમાં પણ કેસો પેન્ડીંગ છે. આ સઘળી સ્થિતિ વચ્ચે શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસોની ઘટ છે. જયારે માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી સતત મોટી થતી જાય છે. જેના લીધે તંત્ર માટે પણ આવાસ ફાળવવાનો મુદ્દો શિરદર્દ સમાન બન્યો છે. જો કે હાલ નવા આવાસો તૈયાર થઈ રહ્યા છે. ત્યારે જુના અને જોખમી મકાનો તોડવામાં આવ્યા બાદ નવા મકાનો બાંધવા માટે ખાલી જગ્યાનો સર્વે અને અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યો હતો જયારે આ મામલે ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન પણ રજુ કરાયુ હતુ આમછતા હજુ સુધી નવા આવાસો બાંધવા માટે સાઈટ નક્કી થઈ નથી. અગાઉ શહેરના સે-૨૨ માં નવા આવાસો બાંધવા માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી જો કે હજુ આ મામલે કોઈ આખરી નિર્ણય લેવાયો નથી. નગરના સેકટરોમાં દાયકાઓ જુના મકાનોમાંથી પોપડા ખરે છે. જેના લીધે જોખમી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. આ સ્થિતિ વચ્ચે શહેરના સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે ત્વરિત સ્થળ પસંદગી કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# G-20 સમિટની રાજ્યોની તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરતા વડાપ્રધાનશ્રી

**ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સહિત વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ-કેન્દ્ર શાસિત પ્રદેશોના રાજ્યપાલશ્રીઓ-રાજ્યોના રાજ્યપાલો વીડિયો કોન્ફરન્સમાં સહભાગી થયા : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત રાજભવનથી વીડિયો કોન્ફરન્સમાં જોડાયા : કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી-વિદેશ મંત્રીશ્રીની પ્રેરક વર્ચ્યુઅલ ઉપસ્થિતિ**







ગાંધીનગર, તા.૯

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારતની અધ્યક્ષતામાં યોજાનારી ૪-૨૦ સમિટની સફળતા માટે દેશના રાજ્યોએ કરેલા આયોજનની સર્વગ્રાહી સમીક્ષા પ્રધાનમંત્રીશ્રીએ નવી દિલ્હીથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, વિદેશમંત્રી શ્રી જયશંકર તથા ૪-૨૦ સમિટના શેરપા શ્રી અમિતાભ કાન્ત તેમજ દેશના રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ, રાજ્યપાલશ્રીઓ તથા કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપ રાજ્યપાલશ્રીઓ પણ આ બેઠકમાં વર્ચુઅલ માધ્યમથી સહભાગી થયા હતા. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત રાજભવનથી આ વીડિયો કોન્ફરન્સમાં જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતને આ સમિટની ૧૫ જેટલી બેઠકોનું યજમાનપદ આપવાની વડાપ્રધાનશ્રીએ આપેલી તક માટે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

તેમણે એવો વિશ્વાસ દર્શાવ્યો હતો કે આ સમિટની ગુજરાતમાં યોજાનારી બેઠકોનું ગ્લોબલ પ્લેટફોર્મ રાજ્યની વિવિધતા સાથે વિકાસયાત્રાને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવાનું સક્ષમ પ્લેટફોર્મ બનશે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સંદર્ભમાં ગુજરાતે જે ઝીણવટપૂર્વકના આયોજનો કર્યા તેનું વિવરણ વડાપ્રધાનશ્રી અને બેઠક સમક્ષ આપ્યુ હતુ. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આ સમિટમાં ગુજરાતમાં આવનારા વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિમંડળો, મહેમાનો સમક્ષ ગુજરાતની આગવી પરંપરા, વિરાસત, સંસ્કૃતિ અભિનવ પરિયોજનાઓ, નિવેષ ક્ષમતા તથા અન્ય વિકાસ અવસરો પ્રભાવી રૂપે પ્રસ્તુત કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે રાજ્ય સરકારે આ સમિટની ૧૫ જેટલી બેઠકો ગુજરાતમાં યોજાશે તેમાં સહભાગી થનારા ડેલિગેશનને આતિથ્યભાવની વિવિધ અનુભૂતિ માટે સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. રાજ્ય સરકારે આ અતિથિઓની સુરક્ષા, પ્રોટોકોલ, લોજિસ્ટિક્સ, પ્રવાસન જેવી બાબતો સહિત સમગ્ર સમિટના આયોજનને સફળ બનાવવા જૂદી જૂદી કમિટીઓની રચના કરી છે એની ભૂમિકા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપી હતી. તેમણે જણાવ્યુ કે અમદાવાદ, ગાંધીનગર, સુરત, કચ્છ અને એકતાનગરમાં આ સમિટની બેઠકો યોજાવાની છે. આ સ્થળોની આસપાસના પ્રવાસ, પર્યટન સ્થાનો, સ્થાનિક ખાનપાન, વ્યંજન, ઈતિહાસ, પરંપરાગત સંસ્કૃતિનો આનંદ પ્રતિનિધિમંડળો માણી શકે તેની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવશે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મોસ્ટ પ્રીફર્ડ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન બનેલા ગુજરાતના ગિફ્ટ સિટી, ડ્રીમ સીટી સુરત, ધોલેરા જૈઇં જેવા મહત્વપૂર્ણ વિકાસલક્ષી પ્રોજેક્ટની વિગતો પણ પ્રતિનિધિ મંડળને કરાવાશે તેની રૂપરેખા આપી હતી. બેઠકના આયોજન સ્થાનો પર રાજ્યના પ્રસિદ્ધ શિલ્પકારો અને કારીગરોના લાઈવ આર્ટ-ક્રાફ્ટ પ્રદર્શન કરવાનું પણ સુનિશ્ચિત થયું છે તેની ભૂમિકા પણ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે આ સમિટને જનભાગીદારીથી સફળ બનાવીને ગુજરાત સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના વડાપ્રધાનશ્રીના મંત્રને વિશ્વ સમુદાય સમક્ષ સાકાર કરશે.

# સંત રોહીદાસ મંદિર સામે દસ ફુટનો ભયજનક ખાડો

**છ મહિનાથી આ ખાડો પુરવામાં આવી રહયો નથી : ગંભીર અકસ્માત સર્જાવાની ભીતી**





ગાંધીનગર, તા.૯

સેકટર-૬માં સંત રોહીદાસ મંદિરની સામે રોડની બન્ને સાઈડ વચ્ચોવચ દસ ફુટનો ખાડો ખોદવામાં આવ્યો છે જે છ મહિના થયા બાદ પણ કયા કારણોસર ખોદવામાં આવ્યો છે તે કોઈને સમજાતું નથી. એક તરફ સિંગલ પટ્ટીનો રોડ છે જેની બીજી બાજુ ડબલ પટ્ટીનો રોડ છે. જેની વચ્ચે મસમોટો ખાડો દ્રશ્યમાન થઈ રહયો છે. અહીંયા વાહનોની અવરજવર પણ રોજબરોજ વધી રહી છે. ત્યારે રાત્રીના સમયે અકસ્માત સર્જાવાની ભીતી સેવાઈ રહી છે. બાજુમાં ફુટપાથ પર ઝુંપડામાં મજુર કામ કરતાં કારીગરોના નાના બાળકો આ ખાડાઓમાં રમતા રમતા ભુલેચુકે પડી જાય તો ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે અને ગંભીર ઈજાઓ પણ થઈ શકે છે. શહેરમાં સેકટર-૬ ખાતે છ મહિના પહેલા અહીંયા ખાડાઓ ખોદવામાં આવ્યા હતા. જેમાં મોટાભાગનો વચ્ચેનો ભાગ તથા રોડની બાજુની જગ્યા પર ઉંડા ખાડાઓ કરીને કામગીરી કરવામાં આવી હતી. જયાં વાહનોની અવરજવર પર પણ રોક હતી. ઘણા મહિના સુધી જે-તે કામગીરી થઈ ગયા બાદ ખાડાઓનું યોગ્ય રીતે પુરાણ કરવામાં આવ્યુ નથી તેથી આ બે રોડની વચ્ચે મસમોટો ખાડો પડેલો જોવા મળી રહયો છે. જે તંત્રની મોટી બેદરકારી કહી શકાય. આ ખાડામાં નિર્દોષ અબોલ જીવ પણ પડી શકે છે. આસપાસના રહેવાસીઓ દ્વારા વારંવાર ફરીયાદો કરવામાં આવી છે તેમ છતાં કોઈ જવાબદાર તંત્ર દ્વારા ખાડાનું પુરાણ કરવામાં આવી રહયું નથી. શહેરમાં ઠેરઠેર વિકાસ કાર્યો ચાલી રહયા છે. જેમાં બેદરકારીભર્યા કામો થતાં લોકોમાં કચવાટ અનુભવાઈ રહયો છે. કયાંક ખાડા, કયાંક ગટરોના પાણી ફેલાઈ ગયા છે તો કયાંક સ્વચ્છ પીવાનું પાણી વેડફાઈ રહયું છે. સંત રોહીદાસ મંદિરની સામે રોડની વચ્ચે દસ ફુટનો આ ખાડો પુરવાની ઉગ્ર માંગ થઈ રહી છે અને કયા કારણોસર આ ખાડો પુરવામાં આવી રહયો નથી તેની તપાસ કરવામાં આવે કારણકે છ મહીના જેટલો સમય થઈ ગયો હોવા છતાં આ દસ ફુટનો ખાડો પુરવામાં આવી રહયો નથી કોઈ ગંભીર અકસ્માત સર્જાશે તો કોણ જવાબદાર રહેશે તેવા પ્રશ્નો ઉઠી રહયા છે.

# રાજ્યના કેટલાક સ્થળો પર ૧૨-૧૩ ડિસે. માવઠાની આગાહી

**મંડસ વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના : ઉપરાંત ૨૪ કલાક બાદ ગુજરાતમાં તાપમાનમાં પણ બેથી ચાર ડિગ્રીનો વધારો થવાની આગાહી પણ કરાઈ**

મદાવાદ, તા.૯

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમમાં બનેલું ચક્રવાત મંડસ બુધવારે 'ગંભીર' ચક્રવાતી વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના છે. તેની અસરને કારણે ૧૦૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. બીજી તરફ વાવાઝોડાની અસર ગુજરાતમાં પણ વર્તાઈ શકે છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભર શિયાળે ૧૨ અને ૧૩ ડિસેમ્બરે માવઠાની આગાહી કરી છે. તે ઉપરાંત ૨૪ કલાક બાદ ગુજરાતમાં તાપમાનમાં પણ બેથી ચાર ડિગ્રીનો વધારો થવાની આગાહી પણ કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણ ગુજરાતમાં વલસાડ, ડાંગ, તાપી, નવસારી અને દાદરાનગર હવેલીમાં ૧૨ અને ૧૩ ડિસેમ્બરે ભર શિયાળે માવઠું થઈ શકે છે. હાલ રાજ્યમાં ઉત્તર પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યાં છે. બીજી તરફ રાજ્યમાં આગામી ૨૪ કલાક બાદ તાપમાનમાં પણ બેથી ચાર ડિગ્રીનો વધારો થવાની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં ડિસેમ્બરની શરૂઆતમાં ઠંડીનો ચમકારો અનુભવાયો છે. પરંતુ હવે ધીમે ધીમે ઠંડીનું જોર વધશે. લઘુત્તમ તાપમાન ગગડવાથી ડિસેમ્બરના ત્રીજા સપ્તાહમાં હાડ થીજવતી ઠંડીનો ચમકારો અનુભવાશે. અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું છે. જયારે અમરેલીનું લઘુતમ ૧૩.૮ ડીગ્રી નોંધાયું છે. વડોદરાનું લઘુતમ તાપમાન ૧૧.૪ ડિગ્રી નોંધાયો છે. ભુજનું લઘુતમ તાપમાન ૧૩.૩ ડીગ્રી, ડીસાનું લઘુતમ તાપમાન ૧૨.૮ ડિગ્રી નોંધાયો છે. ગાંધીનગરનું લઘુત્તમ તાપમાન ૧૦.૩ ડીગ્રી નોંધાયું છે. પાટણનું લઘુતમ તાપમાન ૧૨.૮ ડીગ્રી નોંધાયું છે રાજકોટનું લઘુત્તમ તાપમાન ૧૫.૩ ડીગ્રી નોંધાયું છે.

ચક્રવાત મંડુસ હવે ખતરનાક સ્વરૂપ ધારણ કરી રહ્યું છે અને તેની અસર ઘણા રાજ્યોમાં જોવા મળી રહી છે. તેને ધ્યાને રાખી તમિલનાડુના ત્રણ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તમિલનાડુ સરકારના જણાવ્યા અનુસાર, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (દ્રઢઈહ્ર) અને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન દળના લગભગ ૪૦૦ કર્મચારીઓની બનેલી ૧૨ ટીમો નાગાપટ્ટિનમ અને તંજાવુર, ચેન્નાઈ, તેના ત્રણ પડોશી જિલ્લાઓ અને કુડ્ડલોર સહિત કુલ ૧૦ જિલ્લામાં તૈનાત કરવામાં આવી છે. કાવેરી ડેલ્ટા પ્રદેશમાં આ વિસ્તારોમાં શુક્રવારે શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમમાં બનેલું ચક્રવાત મંડસ બુધવારે 'ગંભીર' ચક્રવાતી વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના છે. તેની અસરને કારણે ૧૦૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. શુક્રવાર મધ્યરાત્રિની આસપાસ મહાબલીપુરમ નજીક તમિલનાડુ કિનારે પહોંચતા પહેલા તે ધીમે ધીમે ચક્રવાતી વાવાઝોડામાં નબળું પડશે. તે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને ઉત્તર તમિલનાડુ, પુડુચેરી અને અડીને આવેલા આંધ્રપ્રદેશના દક્ષિણ કિનારે પુડુચેરી અને શ્રીહરિકોટા વચ્ચે ૯ ડિસેમ્બરની મધ્યરાત્રિની આસપાસ ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પહોંચે તેવી શક્યતા છે, એમ ઈએમડીએ જણાવ્યું હતું. ચેન્નાઈથી પુડુચેરી લગભગ ૧૬૦ કિલોમીટર દૂર છે.

# વધુ વૃક્ષો અને પ્રદૂષણ મુક્ત વાતાવરણ ગાંધીનગરને ઠંડુગાર બનાવે છે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર ફરીથી રાજ્યના સૌથી ઠંડાગાર શહેરમાં સામેલ થયું છે. લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીએ પહોંચી જતાં વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. સૌથી વધુ વૃક્ષો અને પ્રદૂષણ મુક્ત વાતાવરણ શહેરને દર શિયાળે એકદમ ઠંડુગાર બનાવી દે છે.

શિયાળા ગાંધીનગરાઓ માટે આકરો હોય છે. દર શિયાળે લઘુત્તમ તાપમાન ખૂબ નીચું પહોંચી જાય છે. રાજ્યના સૌથી ઠંડાગાર વિસ્તાકો કે શહેરોમાં ગાંધીનગરનો સમાવેશ અચૂક થાય છે. નલીયા, ડીસા જેવા સૌથી ઠંડાગાર શહેરો બાદ ગાંધીનગર આ લીસ્ટમાં સામેલ થઈ જાય છે. શહેરને સાવ અડીને આવેલા અમદાવાદમાં પારો એકથી બે ડિગ્રી જેટલો વધુ હોય છે. વાતાવરણને એકદમ ઠંડુગાર બનાવે એવા બે-ત્રણ પરિબળો શહેરમાં છે. જેના કારણે લઘુત્તમ તાપમાન અન્ય વિસ્તારો કરતાં નીચે જાય છે. વિકાસ કાર્યો માટે અનેક વૃક્ષોનું નિકંદન નીકળી ગયું હોવા છતાં શહેરમાં હજુ ઘણા વૃક્ષો છે. કેટલાક પોકેટ્સમાં તો જાણે મીની જંગલ ઉભું કર્યું હોય તેવી ગીચ ઝાડીઓ જોવા મળે છે. આ હરિયાળીના કારણે વાતાવરણ ઠંડી રહે છે. વળી શહેરમાં અને તેની આસપાસના વિસ્તારોમાં ક્યાંય મોટી ઈન્ડસ્ટ્રી નથી. જેના કારણે તાપમાનને ઉંચું રાખતા પરિબળોથી શહેરના રક્ષણ મળે છે. વળી શહેરમાં હજુ એટલું ગીચ કોંક્રિટનું જંગલ નથી જેના કારણે હવાની અલરજવર સતત રહેતા વાતાવરણ ઠંડુ રહે છે. વળી અહીં વાહનોના ધુમાડાથી ફેલાતા વાયુ પ્રદૂષણનો પ્રશ્ન પણ ન હોઈ વાતાવરણ કુદરતી રીતે જ ઠંડુ રહે છે.

## કમોસમી વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૯

વધતી ઠંડી સાથે હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આગામી બે-ત્રણ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં માવઠું પડશે.

ડિસેમ્બર માસમાં દિવસે દિવસે ઠંડી વધી રહી છે. ગઈખાલે રાત્રે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી જેટલું ગગડી ગયું હતું. મોટીરાત્રે વસાહતીઓએ કડકડતી ઠંડીનો અનુભવ કર્યો હતો.

ઠંડીનો પારો હજુ બે થી ત્રણ ડિગ્રી જેટોલ ઘટી શકે છે. લઘુત્તમ તાપમાન સડસડાટ ઘટતા શહેરમાં ઠંડીની મોસમ જામી છે. ઠંડી વધી રહી છે ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી બે - ત્રણ દિવસમાં જ આકાશમાં વાદળોનો જમાવડો થશે. રાજ્યના કેટલાક હિસ્સાઓમાં કમોસમી વરસાદ પણ વરસી શકે છે. વસાહતીઓએ હવે જેકેટની સાથે રેઈનકોટ પણ પહેરવો પડે તેવું બની શકે છે.

# ચ-૨ સર્કલ પાસે પુષ્કળ પાણીનો વ્યય

**મેટ્રો રેલ પ્રોજેક્ટ પાસે પાણીની પાઈપ તુટતાં અટળક પાણી વહી રહ્યુ છે**



ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના ચ-૨ પાસે પાઈપલાઈન તુટતાં પાણીનો વ્યય થઈ રહયો છે. તાજેતરમાં મેટ્રો લાઈનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જયાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થવાના કારણે પુષ્કળ પાણીનો વ્યય થઈ રહયો છે. માર્ગ ઉપર પાણી વહી રહયું છે. વરસાદમાં પાણી ભરાઈ રહે તેવા દ્રશ્યો સર્જાયા છે. જાગૃત નાગરિકોમાં પીવાના સ્વચ્છ પાણીનો વ્યય જોતા નાગરિકોમાં રોષ અને નારાજગી વ્યાપી રહી છે.

શહેરમાં દરરોજ પાઈપ લાઈનોમાં ભંગાણ થવાની ઘટનાઓ સામે આવી રહી છે જેની પાછળ જવાબદાર તંત્રની બેદરકારી દેખાઈ રહી છે. એકબાજુ પાણી માટે બુમાબુમ થાય છે ત્યારે તંત્ર દ્વારા પાણીની બચતના પાઠ ભણાવવામાં આવે છે અને બીજી બાજુ તંત્ર દ્વારા તુટેલી પાણીની પાઈપલાઈનની માહીતી મળ્યા બાદ પણ બેધ્યાન બની રહે છે જેમાં હજારો લીટર પાણીનો વ્યય થઈ જાય છે.

એક તરફ લોકોને પીવાના પાણી માટે વલખાં મારવા પડે છે તો બીજી તરફ સ્વચ્છ પાણીનો વ્યય જોવા મળી રહયો છે. હજી તો મેટ્રો રેલ પ્રોજેકટની એન્ટ્રી ચ માર્ગ પર થઈ છે તેમાં અત્યારથી જ એક બાદ એક બેદરકારી સામે આવી રહી છે. તો આ પ્રોજેકટ પુરો થતાં લોકોને શું નડશે તેવા પ્રશ્નો પણ થઈ રહયા છે.

હાલમાં વાહન ચાલકોને મુશ્કેલીઓ પડી રહી છે. માર્ગોને ડાયવર્જન મળતાં વાહનોને ડાયવર્ટ થવામાં મુશ્કેલીઓ થઈ રહી છે અજાણ્યા લોકો ભુલા પડી રહયા છે.

માર્ગો પર ખોદકામ દરમિયાન પાણીની પાઈપો તુટવાથી પાણીનો વ્યય થઈ રહયો છે જેને અટકાવવા માટે તાત્કાલિક પગલાં પણ લેવા જોઈએ પાણીનો વ્યય થતાં લોકોમાં રોષ વ્યાપ્યો છે. સ્વચ્છ પાણી વેડફાય તે કોઈને ન પોષાય.